# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**વિભાગ : ૧ : બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો પ્રથમ આવૃત્તિ એપ્રિલ-૨૦૦૮ના આધારે**

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧,૪ (૩૫-૩૬) ૨. ૨, ૩ (૮૩-૮૪) ૩. ૩, ૪ (૧૨૫-૧૨૬)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. 'આત્મા-પરમાત્માનું જ્ઞાન' સત્‌શાસ્ત્રો આ હકીકતનો નિર્દેશ કેવી રીતે કરે છે ? (ગુજરાતી અનુવાદ) (૫)

જ. આત્મા-પરમાત્માનું સાક્ષાત્કાર દર્શન થતાં હૃદયગ્રંથિ ભેદાઈ જાય છે, સર્વ સંશયો નાશ પામે છે અને સર્વે કર્મો ક્ષીણ થઈ જાય છે.

૨. વચનામૃત વિશે શાસ્ત્રીજી મહારાજે આપેલો અભિપ્રાય લખો. (૧૯)

જ. સમગ્ર શાસ્ત્રોના સાર રૂપે વચનામૃતનો ગ્રંથ આપણને શ્રીજીમહારાજે આપ્યો છે, વચનામૃતમાં સર્વોપરી જ્ઞાન છે.

૩. વચ. ગ. મ. ૧૩માં શ્રીજીમહારાજ પોતાના સર્વોપરીપણાનો નિશ્ચય કરવાનો સ્પષ્ટ નિર્દેશ કરીને શું કહે છે ? (૨૪)

જ. જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે,' એમ જાણજો. અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિશે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.'

૪. સુખી થવા માટે ગુણાતીતાનંદ સ્વામીએ કયા બે આધાર બતાવ્યા છે ? (૧૪૯)

જ. સૌ કોઈ કોઈક આધાર વડે સુખી રહે છે, પણ ભગવાન ને આત્મા એ બે વતે સુખી થાવું, બાકી અનેક પ્રકારના આધાર મૂકી દેવા.

૫. ગુણાતીતાનંદ સ્વામીના મતે સાધનામાં એકડો શું ? અને મીંડાં શું ? (૧૩૧)

જ. ગુણાતીતાનંદ સ્વામીના મતે સાધનામાં ભગવાન છે તે એકડો છે ને સાધન છે તે મીંડાં છે. એકડા વિના સરવાળો ન થાય.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. 'ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વ શાસ્ત્રનો એ જ સિદ્ધાંત છે.' (૧૮)

જ. વચનામૃતમાં સર્વે શાસ્ત્રોનાં સાર-રહસ્ય-સિદ્ધાંતની વાતો

૨. 'અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી. (૩૪)

જ. કથાશ્રવણની આસક્તિ

૭૦૨

૩. 'તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.' (૬૫)

જ. નિ:સંશય, નિર્ણયાત્મક અને સ્પષ્ટ ઉપદેશ

૪. 'સોનાની મેડી હોય તો બાળીને આ વાત સાંભળીએ.' (૮૦)

જ. આ વાતો સાંભળવાનું મૂલ્ય

૫. 'બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરવી' એ જ સિદ્ધાંત છે. (૧૨૨)

જ. સ્વામીની વાતો'માં શ્રીજીમહારાજના હૃદ્‌ગત સિદ્ધાંતની સ્પષ્ટતા

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. 'શ્રીજીમહારાજના ઉપદેશનું પ્રયોજન (૪૦)

જ. શ્રીજીમહારાજનું કલ્યાણકારી જીવન જીવોના કલ્યાણાર્થે જ વાતો

જીવોના કલ્યાણાર્થે શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહજીવોના કલ્યાણાર્થે ભગવાનના નિશ્ચયની દૃઢતા માટે આગ્રહ

૨. ગુણાતીતાનંદ સ્વામી : બ્રહ્મવિદ્યાના ભોમિયા (૮૫)

જ. તપ, ત્યાગ, વૈરાગ્ય અને દેહનો અનાદર સેવાભાવના

આજ્ઞાપાલનની તત્પરતા માન - અપમાનમાં એકતા

પંચવર્તમાનની દૃઢતા આત્મા - પરમાત્માનો અપરોક્ષ અનુભવ

શ્રીજીમહારાજને સમ્યકપણે ધારી રાખવાની પાત્રતા

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (વીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. બ્રહ્મવિદ્યાનું તાત્પર્ય (૨) અથવા**

જ. મુંડકોપનિષદમાં બ્રહ્મવિદ્યાની વ્યાખ્યા આ પ્રમાણે સમજાવી છે. ''येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम् ।''અર્થ : જેના વડે અક્ષર અને પુરુષોત્તમનું તત્ત્વતઃ યથાર્થ જ્ઞાન થાય તેને બ્રહ્મવિદ્યા કહી છે. (મુંડક ઉપનિષદ:૧/૨/૧૩) આ સમગ્ર ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાના પર્યાયરૂપે જ પરાવિદ્યાનું નિરૂપણ છે, કારણ કે તેમાં પરાવિદ્યા અંતર્ગત જ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વળી, કઠોપનિષદમાં અધ્યાત્મવિદ્યાની વાત કરતી વખતે પણ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના જ્ઞાનનો જ સ્પષ્ટ નિર્દેશ છે. ઉપનિષદોમાં નિરૂપિત આ બ્રહ્મવિદ્યા, પરાવિદ્યા કે અધ્યાત્મવિદ્યાને ભગવાન સ્વામિનારાયણ બ્રહ્મજ્ઞાન કહે છે. આ બ્રહ્મજ્ઞાનનું તાત્પર્ય સમજાવતાં તેઓ વચ.મ.૩માં કહે છે, ''બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે. આ સંદર્ભોના સારરૂપે એવું કહી શકાય કે પોતાના જીવાત્માને બ્રહ્મરૂપ કે અક્ષરરૂપ માનીને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની ભક્તિ-ઉપાસના કરવી એ જ બ્રહ્મવિદ્યા, પરાવિદ્યા કે અધ્યાત્મવિદ્યાનું તાત્પર્ય છે. આ બ્રહ્મવિદ્યા શું છે તે સમજવા માટે, તે શું નથી તે સમજવું આવશ્યક છે. બ્રહ્મવિદ્યા ફક્ત તત્ત્વજ્ઞાન નથી, બ્રહ્મવિદ્યા ફક્ત ધર્મશાસ્ત્ર નથી, બ્રહ્મવિદ્યા ફક્ત નીતિશાસ્ત્ર નથી, બ્રહ્મવિદ્યા ફક્ત ક્રિયાકાંડ નથી. આ બધા સાથે બ્રહ્મવિદ્યાને કાંઈક ને કાંઈક રૂપે સંબંધ જરૂર છે. એ બધાં પાસાંઓ બ્રહ્મવિદ્યાનાં સહાયક અંગો જરૂર હોઈ શકે, પણ તેમાંનું કશું જ સાક્ષાત્ બ્રહ્મવિદ્યા નથી. આટલું સ્પષ્ટ સમજી લેવું આવશ્યક છે, કેમ કે તેમાંના કોઈ પણ એકને અધ્યાત્મ સમજીને તેમાં જ રમમાણ રહેવામાં આવે, તો બ્રહ્મવિદ્યાની યથાર્થ ફલશ્રુતિ પ્રાપ્ત થઈ શકે નહિ. તેથી આ પ્રત્યેક અંગને જ બ્રહ્મવિદ્યા સમજી લેવાની ભૂલ કદાપિ ન કરવી જોઈએ. બ્રહ્મવિદ્યા તો આત્મા-પરમાત્માના યથાર્થ અનુભવનો અધ્યાત્મપથ છે. એનું લક્ષ્ય જ આધ્યાત્મિક અનુભૂતિ છે, બ્રાહ્મી સ્થિતિ છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ કહે છે, ''બ્રહ્મવિદ્યા એટલે પ્રગટ બ્રહ્મને ઓળખીને એમને પોતાનું સ્વરૂપ માનવું, એમના ભાવને પામવું.'' આમ, પોતાના અક્ષરબ્રહ્માત્મક આત્મસ્વરૂપમાં પરમાત્માનો નિત્ય અને સાક્ષાત્ અનુભવ કરવો એ જ બ્રહ્મવિદ્યા, પરાવિદ્યા કે અધ્યાત્મવિદ્યાની ફલશ્રુતિ છે.

**૨. વચનામૃતની વિલક્ષણ વિશેષતાઓ : પ્રશ્નોત્તર શૈલી (૫૯)**

જ. પ્રશ્નોત્તર શૈલીની દૃષ્ટિએ પણ વચનામૃત ગ્રંથ વિશિષ્ટ અને અદ્વિતીય છે. અહીં પ્રશ્નોત્તરમાં ભાગ લેનારા સંતો-

૭૦૨

ભક્તો અને શ્રીજીમહારાજ વચ્ચે ઉપાસક-ઉપાસ્ય અને ભક્ત-ભગવાનનો કે આત્મીયતાસભર દિવ્ય સંબંધ છે. શ્રીજીમહારાજને સર્વેનું આત્યંતિક કલ્યાણ કરવાની શુભ ભાવના અને ખેવના છે, તો સંતો-ભક્તોને અનંત બંધનોમાંથી મુક્ત થઈને આત્મા-પરમાત્માના શાશ્વત સુખના ભોક્તા બનવાની તત્પરતા અને ઝંખના છે. તેથી અહીં પ્રશ્નો કેવળ પૂછવા ખાતર અથવા તો કેવળ કોરી જિજ્ઞાસાના સંતોષ ખાતર જ નથી પુછાયા, પરંતુ ઉપરોક્ત એક શુભ ધ્યેયને નજર સમક્ષ રાખીને પુછાયા છે. પોતાના આશ્રિતોમાં આંતરખોજની ટેવ પડે, વિચારોની મૌલિકતા ખીલે, આધ્યાત્મિક જ્ઞાન વધારે સ્પષ્ટ અને સુદૃઢ બને, તે માટે મહારાજ આદર્શ કેળવણીકારની અદાથી પરસ્પર પ્રશ્નોત્તર કરાવતા. સમગ્ર વચનામૃતોમાં ક્યારેક મહારાજ પોતે જ પ્રશ્ન પૂછે છે, તો ક્યારેક સંતો-ભક્તો પ્રશ્નો પૂછે છે, તો ક્યારેક મહારાજ સામેથી જ સૌને પરસ્પર કે પોતાને પ્રશ્ન પૂછવાની પ્રેરણા આપીને અધ્યાત્મજ્ઞાનને વધુ સરળ રીતે સમજાવવાની કોશિશ કરી છે. વચનામૃત ગ્રંથનાં ૨૬૨ વચનામૃતોમાંના કુલ ૪૫૬ પ્રશ્નોમાંથી ૧૩૮ પ્રશ્નો મહારાજે સંતો-ભક્તોને પૂછયા છે, જ્યારે ૩૧૮ પ્રશ્નો સંતો-ભક્તોએ મહારાજને અથવા એમની આજ્ઞાથી અંદરોઅંદર એકબીજાને પૂછ્યા છે. વચનામૃતમાં મહારાજે સંતો-ભક્તોની આંતરિક મુમુક્ષુતા, શ્રદ્ધા, સમજણ અને સ્થિતિની ચકાસણી-પરીક્ષા કરીને, તેમાં કોઈ પ્રકારની ક્ષતિ રહી જવા પામી હોય, તો તે દૂર કરવા યોગ્ય માર્ગદર્શન આપવા માટે પ્રશ્નો પૂછ્યા છે. જ્યારે સંતો-ભક્તોએ પોતાના સાધનામાર્ગમાં જ્યાં, જ્યારે, જેને, જે વિઘ્નરૂપ લાગ્યું, તે દૂર કરવા તથા તે નિર્વિઘ્ન સાધનાની ગુણવત્તા અને ઝડપ વધારવા માટે પ્રશ્નો પૂછ્યા છે. તેમણે પૂછેલા પ્રશ્નો પરથી એટલું તો સ્પષ્ટપણે જણાય છે, કે તેમણે પોતાની બુદ્ધિનું ડહાપણ કે વિદ્વતા દર્શાવવા અથવા તો સામેવાળાનું તળ માપવા જ પ્રશ્નો પૂછયા નથી. તેમની જિજ્ઞાસા નિરર્થક અને વાંઝણી નથી. તેમને ફક્ત જાણવા ખાતર જ જાણવું કે સમજવું નથી; પરંતુ કંઈક વિશેષ જાણીને, સમજીને એ માર્ગે પ્રયાણ કરવું છે, સાધનાની ઝડપ અને ગુણવત્તા વધારવી છે અથવા તો માર્ગમાં આવેલાં વિઘ્નોને દૂર કરવાં છે. સંતો-ભક્તોએ પૂછેલા પ્રશ્નોમાંથી નમૂનારૂપે કેટલાક પ્રશ્નો વાંચીએ : **પ્ર. ૨૪** - બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે ‘કોઈ વિષયમાં પણ પોતાનાં ઇન્દ્રિયો તણાતાં ન હોય અને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા ન હોય અને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે, તોપણ અપૂર્ણપણું રહે છે ને અંતર સૂનું રહે છે, તેનું શું કારણ છે ? **પ્ર. ૬૨** - પછી નિર્વિકારાનંદ સ્વામીએ પૂછ્યું જે ‘નિશ્ચય હોય તોય પણ રૂડા ગુણ તો આવતા નથી અને માન ને ઈર્ષ્યા તો દિવસે દિવસે વધતાં જાય છે, તેનું શું કારણ છે ? **પ્ર. ૭૮** - શૂન્યાતીતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે ‘જ્યારે સત્સંગ કરે છે ત્યારે તો સંતમાં ને સત્સંગીમાં અતિશય હેત હોય અને પછી કેમ ઓછું થઈ જાય છે ?’ **સા. ૫** - મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે ‘વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે એક ઉપાયને વિશે સર્વે સાધન આવી જાય ?’ **કા. ૭** - પછી ગામ બોચાસણવાળા કાશીદાસે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે ‘હે મહારાજ ! ત્યાગી હોય તે તો નિવૃત્તિમાર્ગને અનુસર્યા છે, તે અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે અને જે ગૃહસ્થાશ્રમી છે તે તો પ્રવૃતિમાર્ગને અનુસર્યા છે, માટે તેને તો સંસારની અનંત વિટમણા વળગી છે; માટે તે કેમ સમજે તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે ? **મ. ૩૩** - પછી હરજી ઠક્કરે પ્રશ્ન પૂછ્યો જે ‘એ નિષ્કામી વર્તમાન શે ઉપાયે કરીને અતિશય દૃઢ થાય ?’ આ અને સમગ્ર વચનામૃતમાં પુછાયેલા અન્ય સર્વે પ્રશ્નો વિચારીએ, તો સંતો-ભક્તોને અધ્યાત્મમાર્ગમાં આગળ વધવાની કેવી ઝંખના અને તત્પરતા છે તેનો ખ્યાલ આવે છે. તેમના બધા જ પ્રશ્નો આધ્યાત્મિક તત્ત્વોને જાણીને તેના પારને પામવાની ઊંડી જિજ્ઞાસા અને ખાસ કરીને તો સતત સંઘર્ષમાંથી મથામણમાંથી જ ઉદ્‌ભવ્યા છે. તેથી જ તો કોઈ પણ મુમુક્ષુને અધ્યાત્મ સાધનામાં ઉદ્‌ભવતા કોઈ પણ પ્રશ્નોનું સરળ સમાધાન આ વચનામૃત ગ્રંથમાંથી પ્રાપ્ત થઈ શકે તેમ છે.

૩. **‘સ્વામીની વાતો’નો સાક્ષાત્ અનુભવ કરનારાઓના ઉદ્‌ગારો. (૮૧-૮૨) અથવા**

જ. (૧) ગુણાતીતાનંદ સ્વામી જ્યારે મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરતા ત્યારે ગોપાળાનંદ સ્વામી કહેતા, “અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષર-બ્રહ્મનો અવતાર, એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ.” (૨) એક વખત ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા અને ચાર મહિના સુધી રહ્યા. ગુણાતીતાનંદ સ્વામીના મુખે મહારાજના સર્વોપરી મહિમાની વાતો સાંભળીને બોલી ઊઠયા, ‘વરતાલમાં ચાર આની વાતો થાય છે, ગઢડામાં આઠ આની થાય છે, પણ પેટ ભરીને પૂરેપૂરી વાતો તો જૂનાગઢમાં જ થાય છે.’ (૩) જ્યારે જ્યારે ગુણાતીતાનંદ સ્વામી ત્યાગ, વૈરાગ્ય અને ધર્મ-નિયમની આકરી વાતો કરતા ત્યારે કેટલાક સાધુઓને ત્યાગની ખુમારી ચડી જતી. તેથી નિત્યાનંદ સ્વામી રાજી થઈને કહેતા, “નિષ્કુળાનંદ સ્વામીએ ગ્રંથો રચીને પંચવિષયનાં મૂળ કાઢ્યાં છે અને ગુણાતીતાનંદ સ્વામી વાતો કરીને પંચવિષયનાં મૂળ કાપે છે.” (૪) એક વખત નિત્યાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા. સવારે તેઓ પૂજા કરતા હતા. એ દરમ્યાન ગુણાતીતાનંદ સ્વામી સભામાં

બળભરી વાતો કરતા હતા. તે સાંભળીને નિત્યાનંદ સ્વામી બોલી ઊઠ્યા, ''અહોહો ! સ્વામી તો શ્રીજીમહારાજ જેવા કહ્યા હતા તેવા આજે જ સમજાયા. ઠીક મંડ્યા છે. કેટલા બળથી વાતો કરે છે ! બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે ? અને કદાચ બોલે તો કોઈને ભાર પણ ન પડે.'' એટલું કહીને અંતવૃત્તિ કરી ગયા. થોડી વારે જાગ્રત થઈને વળી કહ્યું, ''સ્વામીનું તો જેવું વર્તન તેવી જ વાણી. વાણીમાં કદાચ સંકોચ રાખે, પણ વર્તનમાં તો શ્રીજીની આજ્ઞામાં રંચમાત્ર પણ ફેર પડવા દેતા નથી. આખો સોરઠ ધ્રુજાવી દીધો છે. **(૫)** એકવાર સદ્‌ગુરુ શુકનંદ સ્વામી પણ સુરતમાં બોલેલા, ''જેવી રીતે શ્રીજીમહારાજની વાતોથી અનંત જીવો ખેંચાતા, તે જ પ્રમાણે ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી પણ હજારો મુમુક્ષુઓ ખેંચાય છે. ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી મહારાજની વાતો જેટલો સમાસ થાય છે.'' **(૬)** તીર્થવાસી થઈને રઘુવીરજી મહારાજ જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યા. એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ સભામાં મહારાજના પરભાવ અને ઉપાસનાની અદ્‌ભૂત વાતો કરી ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું ''સ્વામી ! આજ તો ઘણી સમજવા જેવી વાતો કરી.'' આ વાતો તો કરોડો જન્મની કસર ટાળીને સાક્ષાત્ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે તેવી વાતો છે.

**૪. ગુણાતીતાનંદ સ્વામીની જીવોના આત્યંતિક કલ્યાણની શુભ ભાવના. (૯૮થી૧૦૦)**

જ. શ્રીજીમહારાજ અનંત જીવોનું કલ્યાણ કરવા માટે જ પૃથ્વી પર પધાર્યા, અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લાવ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ પણ શ્રીજીમહારાજનો અભિપ્રાય સમજીને જીવોમાં રહેલા અનાદિ અજ્ઞાન અને સ્વભાવ-વાસના ટાળી, બ્રહ્મરૂપ કરી, શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવીને જીવોનું આત્યંતિક કલ્યાણ થાય, એ માટે જ જીવનભર સખત અને સતત પુરુષાર્થ કર્યો છે. જીવોના કલ્યાણ માટેની શુભ ભાવના એમણે પોતાની વાતોમાં આ પ્રમાણે અભિવ્યક્ત કરી છે. : **(૧)** જીવનો મોક્ષ કરવા મનુષ્ય જેવા થયા છીએ. (સ્વા.વા. : ૫/૬૫) **(૨)** કૂવામાં રાઈના દાણા ભરીએ, ને એક તીરવા સગ્ય ચઢાવીએ, એટલા જીવનું કલ્યાણ કરવું છે. (સ્વા.વા. : ૫/૩૫૫) **(૩)** કેટલીક કસર ત્યાગ-વૈરાગ્યથી ટળશે ને કેટલીક કસર જ્ઞાને કરીને ટળશે ને કેટલીક કસર ભક્તિ કરાવીને ટળાવશું ને બાકી છેલ્લી વારે રોગ પ્રેરીને પણ શુદ્ધ કરવા છે, પણ કસર રહેવા દેવી નથી. (સ્વા.વા.: ૧/૬૩) **(૪)** મહારાજે છેલ્લી વાર આઠ મહિના રાખીને જ્ઞાન આપ્યું, એમ અમારે બાર મહિના રાખીને કથા કરાવવી છે, તે અચિંત્યાનંદ બ્રહ્મચારીવાળા ગ્રંથની કરાવીને ઓણ જ્ઞાન આપવું છે. (સ્વા.વા.: ૬/૯૭) **(૫)** અમારે તો છેલ્લી વારે હવે દિવાળી સુધી સાધુને રાખીને વાતું જ કહેવી છે; પછી દેહ રહો કે ન રહો પણ ભગવાનના સ્વરૂપસંબંધી જ્ઞાન આપીને સુખિયા કરવા છે. (સ્વા.વા.૬/૧૦૧) આ પ્રમાણે સ્વામીશ્રીના પ્રાગટ્યનું અને એમની પ્રવૃત્તિમાત્રનું શુભ પ્રયોજન તો અસંખ્ય જીવોનું કલ્યાણનું જ હતું. જીવોના કલ્યાણ માટે જ તેમણે જીવનભર શહેરોમાં અને ગામડાઓમાં વિચરણ કર્યું છે અને કથાવાર્તા કરી છે. એમનાં દર્શન કે સ્પર્શમાત્રથી સેંકડો જીવોના મલિન સંસ્કારો નાશ થતા અને શુભ સંસ્કારો ઉદય થતા. એમની દૃષ્ટિ પડતાં જ જીવોની મુમુક્ષુતા ખીલી ઊઠતી. જાણે-અજાણે એમની અલ્પ સેવાથી પણ જીવો સત્સંગ તરફ વળતા. એમણે વિશેષે કરીને તો કથાવાર્તા કરી કરીને જ જીવોને આત્યંતિક કલ્યાણના માર્ગે વાળ્યા છે. એમની કસરમાત્ર ટાળીને બ્રાહ્મી સ્થિતિનું ઘડતર કર્યું છે. કોઈ પણ પ્રકારના સ્વાર્થની અપેક્ષા વગર જીવોનું કલ્યાણ થાય એવી એમની ભાવના કેટલી ઉત્કૃષ્ટ હતી તે એમની આ વાતો પરથી ખ્યાલ આવે છે : **૧.** એક જણ એક મંદિરમાં પાંચસેં રૂપિયા મૂકીને ચાલ્યા ગયા, પણ એટલા રૂપિયા બેઠાં બેઠાં ખાઈને સાધુનો સમાગમ કર્યો હોત તો બહુ સમાસ થાત. (સ્વા.વા. ૨/૨૫) **૨.** મંદિરના રોટલા ખાઈને પણ આનો જોગ કરી લેવો, ઘણોય બાજરો છે તે આવો તો હું આપીશ. (સ્વા.વા.૬/૧૨૬) **૩.** કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી, તેનાં લૂગડાં મારે ધોવરાવવાં ને તેને મારે બેઠાં બેઠાં ખાવા દેવું છે. (સ્વા.વા.૧/૨૭૬) કોઈ બેઠો ભગવાન ભજે તો તેને આંહી અમારે રોટલા આપવા ને તેના ઘરના મનુષ્યને અન્ન, વસ્ત્ર, પૂરાં કરવાં એ અમારે માથે છે' એમ દયા કરીને કહ્યું. (સ્વા. વા. ૫/૨૪૪) **૪.** અમે તો લખ્યું છે કે બાર મહિને એક મહિનો સાધુનો જોગ કરવો, તે વિના કસર નહિ મટે. ને ભાઈ ! રૂપિયા તો મળશે, પણ આ વાતું ક્યાં મળશે ? તે માટે વાતું સાંભળી લેવી. કો'ક કહેશે ખરચીએ, વારંવાર વાવરીએ, તોપણ શું ? એક રાળ ખરચે તો ચાર હજાર દઈએ, પણ આ જ્ઞાન સાંભળ્યા વિના કસર ન મટે, પણ કોઈ રહે નહિ. અરે ભાઈ ! કોઈ રે'તા હો ને તમારે રળ્યામાં ખોટ આવતી હોય તો એક મહિનો તો ધર્મવરામાંથી કાપી લેજો. અરે, જો રહો તો અમે આંહીથી દસ રૂપિયાનો મહિનો દઈએ, હવે ઠીક; કેટલાક રહેશો ? સૂધા તો ચારસેં જણ રે'શો તોપણ રૂપિયા તો ખૂટનારા નથી, પણ જ્ઞાન કેટલું થાશે ! લાખ રૂપિયા ખરચે તેથી મુને તો આ મંદિરના રોટલા ખાઈને વાતું સાંભળે એ અધિક જણાય છે. આ વાતું ક્યાંથી મળે ?'' (સ્વા.વા. : ૬/૨૪૭) **૫.** અમે તો આ હવેલી ઊખેળી તેમાં બહુ

અકળાતા કે ક્યારે પૂરી થાશે ને વાતું કરશું ? ને દેહ પડી જાશે તો વાતું કરવી રહી જાશે. ને મારે તો એમ થાય છે જે, કૂબામાં બેસીને દાણા ભેગા કરીને બધી પૃથ્વીના માણસને વાતું કરું. (સ્વા.વા. ૫/૯૧) આમ, સૌ સમાગમ કરે, વાતો સાંભળે તો એમને જ્ઞાન થાય, એમની કસર ટળે અને અંતે એમનું કલ્યાણ થાય.

**પ્ર.૬ નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. વચનામૃતનું પ્રામાણિક સંપાદકવૃંદ (૫૦)**

જ. સૌ આશ્રિત જનોની વિનંતીને લીધે સૌને આ સદુપદેશ કાયમ માટે ઉપયોગી બને, તે માટે તેને ગ્રંથસ્થ કરવા માટે મહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ આ ચાર સમર્થ સંતોને આજ્ઞા કરી હતી. આ સંતોને મહારાજે સંપ્રદાયમાં અગ્રેસર સદ્‌ગુરુપદે સ્થાપ્યા હતા. મુક્તાનંદ સ્વામીની શુદ્ધ મુમુક્ષુતા, ભગવાનને પામવાની ઝંખના, આજ્ઞા પાળવાની તત્પરતા, નિર્ભેળ સાધુતા અને જ્ઞાનની ઉચ્ચ સ્થિતિથી આપણે સૌ વાકેફ છીએ. મહારાજ આદર્શ સાધુ તરીકેના ઉદાહરણમાં તેમને અવારનવાર યાદ કરતા. ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગયોગસિદ્ધ યોગીરાજ હોવાથી વિસ્મૃત અર્થોને યોગબળથી સ્મૃતિમાં લાવવા શક્તિમાન હતા. તેમને મહારાજે બંને દેશના ત્યાગીઓને સ્વધર્મમાં વર્તાવવાની અને ત્યાગીઓને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી હતી. નિત્યાનંદ સ્વામી અતિશય વિદ્વાન હોવાથી સમસ્ત શાસ્ત્રાર્થને જાણતા હતા અને સંપ્રદાય સામેના વાદીઓને પરાજિત કરવામાં પ્રવીણ હતા. શ્રીજીમહારાજની સન્નિધિમાં વેદ, વેદાંત અને પુરાણાદિકના વક્તા તરીકે તેઓ સર્વદા વરાયેલા હતા. શુકાનંદ સ્વામી શ્રીજીમહારાજના પત્રલેખનનું કાર્ય કરતા અને પડછાયાની જેમ હંમેશા એમની સન્નિધિમાં રહીને આજ્ઞાને અનુસરનારા હતા. આ સંપાદક સંતો કાંઈ વેતન લઈને સંપાદન કરનારા માણસો ન હતા, પરંતુ શ્રીજીમહારાજને સમર્પિત સંતો હતા, કે જેમણે કેવળ મહારાજને જ પ્રસન્ન કરવા માટે પોતાના સમગ્ર જીવનમાં એમની આજ્ઞા અનુસાર જ વર્તવાનો પ્રામાણિક પુરુષાર્થ કર્યો હતો. તેમણે જગતનાં માન-મોટપ કે સત્તા-સંપત્તિ-કીર્તિનો તો ત્યાગ કરીને મહારાજનાં ચરણોમાં જીવન હોમી દીધું હતું. તેથી તેમને આ સંપાદનકાર્યમાં પોતાની કોઈ મહત્તા વધારવાનો કે અન્ય કોઈ સ્વાર્થ ન હતો કે જેને લીધે સામાન્ય રીતે વ્યક્તિ ખોટું કરવા પ્રેરાતી હોય છે. તેમણે આ સંપાદનકાર્યમાં લૌકિક કોઈ પણ અપેક્ષા વગર નિઃસ્વાર્થ અને શુદ્ધ ભાવનાથી કેવળ પોતાના ઈષ્ટદેવ એવા મહારાજને જ રાજી કરવા માટે, તેમજ પોતાના અને અન્યના કલ્યાણાર્થે કરેલું છે. તેઓએ મહારાજને પોતાના ઈષ્ટદેવ માનીને તેમની ભક્તિ-ઉપાસના જીવનભર કરી છે. તેથી તેઓ પોતાના ઈષ્ટદેવને ન ગમે તેવું મન-કર્મ-વચને કોઈ અઘટિત કાર્ય ક્યારેય, ક્યાંય પણ ન કરે તે સ્વાભાવિક છે. મહારાજ સર્વજ્ઞ છે, અંતર્યામી છે, અમારી સાથે જ છે, બધાં જ જુએ છે, જાણે છે, એવા જાણપણા અને અનુસંધાન સાથે વર્તનારા આ પરમહંસોનું સમગ્ર જીવન જ અતિ ઉત્કૃષ્ટ પ્રામાણિકતાથી પૂર્ણ હતું. કદી પણ મહારાજની સાથે છળ-કપટ કે દગા-પ્રપંચના ખેલ રચીને પોતાને ગમતું કંઈ પણ કરવા સ્વપ્નમાંય ન વિચારે તેવા આ પ્રામાણિક, નિષ્ઠાવાન અને પોતાની જવાબદારીથી સંપૂર્ણ સભાન પરમહંસો હતા. એવું એમનાં સમગ્ર જીવન અને વચનામૃતોમાં તેમણે પૂછેલા પ્રશ્નોના અભ્યાસ પરથી જણાયા વગર રહેતું નથી. **મુક્તાનંદ સ્વામી :** ''ઇન્દ્રયો, અંતઃકરણ અને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર એ સર્વ થકી જીવનું સ્વરૂપ ન્યારું છે. એ સત્સંગમાંથી સાંભળીને દૃઢ નિશ્ચય કર્યો છે તોય પણ ઇન્દ્રિયો અંતઃકરણાદિક ભેગો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજનસ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુઃખિયો કેમ થઈ જાય છે ?'' (વચ.પ્ર. ૫૬) ''કામ, ક્રોધ, લોભ તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહિ તેનો શો ઉપાય છે ? (વચ.પ્ર. ૬૧) **નિત્યાનંદ સ્વામી :** તેમણે કેટલાક પ્રશ્નોમાં તો પોતાની મહત્તા અને પ્રતિષ્ઠાનો લેશ પણ વિચાર કર્યા વગર તથા પોતાના વિશે કોઈક શું ધારશે કે માનશે તેવો પણ ડર રાખ્યા વગર જાહેરમાં જ પોતાનું અંતર ખુલ્લું કર્યું છે. તેમણે ભરસભામાં પોતાનામાં રહેલ કોઈક કચાશ કે કસર વિશે પ્રશ્નો પૂછીને મહારાજ પાસેથી માર્ગદર્શન માગ્યું છે. અધ્યાત્મમાર્ગે આગળ વધવાની અંતરમાં ઝંખના અને તે માટે પ્રામાણિક સાધના કર્યા વગર આવા પ્રશ્નો મનમાં ઊઠી જ ન શકે અને કદાચ કોઈને ઊઠે તોપણ જાહેરમાં તો આવી ચર્ચા છેડી જ ન શકે. જે વ્યક્તિ છળકપટ કે દંભથી ભરપૂર હોય અને પોતાની સારપ્ય તથા મહત્તા દર્શાવવા પ્રયત્નશીલ હોય, તે ભરસભામાં પોતાને નડતરરૂપ સ્વભાવ-દોષોને ટાળવાના પ્રશ્નો કેવી રીતે પૂછી શકે ? આ પરમહંસો સદ્‌ગુરુઓ હતા, વડીલો હતા, પ્રતિષ્ઠિતો હતા; તેથી જો તેઓ પ્રામાણિક ન હોય તો પોતાનું હીણું દેખાય તેવા પ્રશ્નો ભરસભામાં મહારાજને પૂછયા જ ન હોત. અને તેમાંય જો વધુ વિચારીએ તો કદાચ કોઈક આવા પ્રશ્નો

સભામાં પૂછે, પણ જો પોતે એનું સંપાદન કરનાર હોય અને પોતે પ્રામાણિક ન હોય, તો આવા પ્રશ્નોનું સંપાદન કરીને ગ્રંથસ્થ તો કરી જ ન શકે. સભામાં તો લોકો સાંભળીને ટૂંક સમયમાં ભૂલી પણ જાય, પરંતુ ગ્રંથસ્થ થયેલી વાતોને હજારો વર્ષ સુધી હજારો લોકો વાંચે-વિચારે અને એમના જીવન વિશે કંઈક ન્યૂનતા-કાચ્યપ ધારી લે તેવી પૂરી શક્યતા છે, પરંતુ સંપાદક સંતોએ આવો કોઈ ડર મનમાં રાખ્યો નથી, કારણ કે તેઓ પ્રામાણિક હતા. જો તેઓ પ્રામાણિક ન હોત તો આવા પ્રશ્નોનો સમાવેશ વચનામૃતમાં કર્યો જ ન હોત અથવા તો જેમ બીજા કેટલાક પ્રશ્નોમાં જ્યાં કોઈકનું હીણું દેખાવાની શક્યતા હોય, તેવા સ્થાને તે વ્યક્તિના નામનો ઉલ્લેખ કર્યા વગર 'એક મુનિએ' અથવા તો 'એક સંતે' પ્રશ્ન પૂછયો એવું નોંધીને એ વ્યક્તિનો બચાવ કર્યો છે; તેમ પોતાનો બચાવ કરવા માટે પણ પોતાના નામનો આવા પ્રશ્નોમાં નિર્દેશ ન કર્યો હોત. વળી, ઘણાં વચનામૃતોમાં મહારાજે કે અન્ય પરમહંસોએ કે ભક્તોએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આ સંપાદક પરમહંસો આપી શક્યા નથી અથવા તો પુછાયેલા પ્રશ્નનું એમનાથી યથાર્થ સમાધાન થયું નથી, એવો ઉલ્લેખ જુદા જુદા શબ્દોમાં જોવા મળે છે. જો સંપાદકો પ્રામાણિક ન હોત તો પોતાની વિદ્વતાભરી પ્રતિષ્ઠાને ઝાંખપ આવે એવા પોતાના નામનિર્દેશ સહિતના આ ઉલ્લેખો એમણે કર્યા ન હોત, પરંતુ એમને ક્યાં પોતાની આવી પ્રતિષ્ઠાની પડી હતી? એમને તો પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજની મહત્તા વધે અને મુમુક્ષુઓને મહારાજના શ્રીમુખથી જ યથાર્થ ઉત્તર પ્રાપ્ત થાય એ જ શુભ ભાવના હતી. તેથી તો તેમણે પ્રશ્નોના ઉત્તર આપવામાં પોતાની બુદ્ધિનું ડહાપણ કર્યું નથી. કોઈક વખત મહારાજની કેવળ આજ્ઞાથી એમને રાજી કરવા માટે જ ઉત્તર આપવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે, પણ અંતે તો નમ્રભાવે હાથ જોડીને બોલ્યા છે, 'હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો આપનાથી જ યથાર્થ થશે.' અહીં પણ એમની પ્રામાણિકતાનું દર્શન થાય છે. આવા પ્રામાણિક શ્રોતાઓમાં અન્ય કેટલાક પરમહંસો અને હરિભક્તોની સાથે સાથે આ સંપાદક પરમહંસો પણ હતા. તેમણે કોઈ પણ પ્રકારનો સંકોચ અને ડર રાખ્યા વગર પોતાની ક્ષતિઓના નિર્દેશવાળી અનેક હકીકતોનો પણ અંતરની પ્રામાણિકતા અને સચ્ચાઈથી વચનામૃત ગ્રંથમાં સમાવેશ કરેલો છે. **વચ.મ.૨૭માં** એક પ્રશ્ન પૂછે છે, ''તમારે ક્રોધ થાય છે ત્યારે શે નિમિત્તે થાય છે ? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં મુક્તાનંદ સ્વામી કહે છે, 'કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય, તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે.'' - શ્રીજીમહારાજ **વચ.અં.૩૩માં** કહે છે, ''ધન દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિશે આસ્થા આવે નહિ, એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ.' એમ કહીને વળી બોલ્યા જે, 'એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહિ.'' આમ, આ બંને સદ્‌ગુરુ સંતોની સ્થિતિની પ્રશંસા કરીને પછી કહે છે, ''એ એવા મોટા છે તોપણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહિ અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે, એમાં પણ સંશય છે. કેમ જે એ પદાર્થનો તો યોગ જ એવો છે.'' મહારાજ **વચ.અં.૨૮માં** બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરાખાચર એ ત્રણેયને પૂછે છે, ''તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ? ત્યારે એ ત્રણે કહ્યું, 'હે મહારાજ ! માનરૂપ દોષ છે, માટે કો'ક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.'' મહારાજ **વચ.અં. ૨૪**માં વાત કરે છે, ''અહીંની મોટેરી ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, સોમલાખાચર, દાદાખાચર એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવી રૂડી રીતે વર્તો છો ? તથાપિ જો દેશકાળ, સંગ, ક્રિયા એ ચારને વિશે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ, એ વાતમાં કાંઈ સંશય નથી.'' આવી તો અનેક હકીકતોની નોંધ વચનામૃતમાં મળે છે કે જેમાં અન્ય સંતો-ભક્તોની જેમ આ સંપાદક સદ્‌ગુરુ સંતોની કોઈ ને કોઈક ખોટ અથવા તો એની આધ્યાત્મિક સ્થિતિમાં રહી ગયેલી કચાશનો નિર્દેશ થતો હોય. જો તેમણે ધાર્યું હોત તો આવી ઘટનાઓને 'વચનામૃત'થી દૂર રાખી શક્યા હોત અથવા તો સ્પષ્ટ નિર્દેશ ન કર્યો હોત, પરંતુ એવું એમણે કર્યું નથી, કારણ કે તેઓ પ્રામાણિક હતા. તેથી જે વખતે જે કાંઈ બન્યું અને મહારાજે જે કાંઈ વાતો કરી તે પ્રાયઃ તેમના જ પ્રાસાદિક શબ્દોમાં મૂકવાનો પ્રામાણિક પ્રયત્ન તેમણે કર્યો છે. તેમણે પોતાની મહત્તા કરતાં શ્રીજીમહારાજી પરાવાણીની મહત્તા વધે તે જ વિચાર્યું છે.

**૨. શ્રીજીમહારાજને સમ્યક્‌પણે ધારી રાખવાનું પાત્ર : ગુણાતીતાનંદ સ્વામી (૯૬)**

જ. ગુણાતીતાનંદ સ્વામીને મહારાજનો ફક્ત સાક્ષાત્કાર જ હતો એમ નથી, પરંતુ એમણે મહારાજને અખંડ ધારી રાખ્યા હતા. તેઓ મહારાજને પૃથ્વી પર અખંડ અને સમ્યક્‌પણે પ્રગટ રહેવાનું પાત્ર હતા. પોતાનામાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ જ રહ્યા છે, એવી એમણે ઘણી વાર પ્રસંગોપાત્ત વાત કરી છે જેમ કે, એક વાર જૂનાગઢમાં બાલમુકુંદ સ્વામી તથા કોઠારી ત્રિકમદાસને પોતાનું સ્વરૂપ સમજાવતાં સ્વામીએ કહ્યું, ‘‘તમને તો પ્રગટ ભગવાન સાક્ષાત્‌ મળ્યા છે. માટે હવે તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. જેમ તમારા દેહમાં જીવ રહ્યો છે, તેમ અમારામાં મહારાજ સાક્ષાત્‌ રહ્યા છે. તે તમારી તરફ દૃષ્ટિ માંડીને જુએ છે, તમારે માથે હાથ મૂકે છે, તમને મળે છે, એમ સાક્ષાત્‌ સુખ આપે છે. માટે ત્રિકમદાસ ! એટલું સમજજો કે આ આકાર સાધુનો દેખાય છે એટલો જ ફેર છે. પણ છે તો સાક્ષાત્‌ મહારાજ. પણ તમે મહારાજના પ્રગટ સ્વરૂપને ઓળખી શકતા નથી.

એક દિવસ જાગા ભક્ત ઉદાસીનતાના ભાવથી સ્વામીશ્રીને કહે, ‘સ્વામી ! પાછોતરો દેહ આવ્યો તેથી શ્રીજીમહારાજનાં દર્શન અને સંબંધ થયાં નહિ.’’ તે સાંભળી સ્વામીશ્રી કહે, ‘‘શ્રીજીમહારાજનો આકાર તમને દેખાતો નથી, પણ એક રોમનોય ફેર નથી. એ નક્કી જાણજો.’’ આમ, શ્રીજીમહારાજ પોતાના દ્વારા અખંડ પ્રગટ છે, તેવી સ્વામીશ્રીની વાત સાંભળી જાગા ભક્તને અત્યંત આનંદ થયો.

સ્વામીશ્રીએ જૂનાગઢથી છેલ્લી વિદાય લીધી ત્યારે વંથળી જતાં બોલ્યાં, ‘જ્યારે જ્યારે આ રસ્તે જઈએ ત્યારે મહારાજ સાંભરી આવે છે. કેમ જે, મહારાજ અને મોટા મોટા સાધુ આ મારગે બહુ ચાલ્યા છે.’ તે સાંભળી કાશીરામે કહ્યું, ‘સ્વામી ! જેને મહારાજનાં દર્શન થયાં હોય તેને સાંભરે, પણ જેને દર્શન ન થયાં હોય તેને શું સાંભરે ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, ‘તમારે ક્યાં પરોક્ષ છે ? જુઓ તો આ સંત દ્વારે પ્રત્યક્ષ જ છે. તે દર્શન દે છે, વાતો કરે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે, એમ બહુ સુખ આપે છે, પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી જણાય નહિ.’’ વળી, સ્વામીશ્રી પોતાની વાતોમાં કહે છે : ‘‘આ સાધુમાં તો ભગવાન રહ્યા છે.’’ **(સ્વા.વા. ૫/૧૬૬)** ‘‘અક્ષરધામમાં મહારાજ આમ ને આમ ઉત્તરાદે મુખારવિંદે બેઠા છે.’’ એમ વાત કરીને પગના અંગૂઠાથી તે શિખા પર્યંત હાથની આંગળીએ કરીને બતાવ્યું. **(સ્વા.વા. ૪/૯૧)** ‘‘આ દેખાય છે એવી ને એવી મૂર્તિ અક્ષરધામમાં છે, લગારે ફેર નથી. એમાં તેજ વધારે દેખાય છે એટલો જ ફેર છે.’’ **(સ્વા.વા. ૫/૨૫૬)** ‘‘આંહી તો સંત ભેગા પ્રગટ સહજાનંદ સ્વામી પોતે બિરાજે છે.’’ **(સ્વા.વા. ૬/૨૨૪)** ઉપરોક્ત પ્રસંગો અને વાતો સ્પષ્ટપણે નિર્દેશ કરે છે કે ગુણાતીતાનંદ સ્વામીમાં ભગવાન સ્વામિનારાયણ સ્વયં સાક્ષાત્‌ પ્રગટ છે. આમ, વાતોના કરનારા ગુણાતીતાનંદ સ્વામી સામાન્ય સાધક નથી, સાધના કરીને કંઈક ભૂમિકા સિદ્ધ કરેલ કોઈ સિદ્ધ નથી, પરંતુ તેઓ તો પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને સમ્યક્‌પણે પ્રગટ રહેવાનું યથાર્થ પાત્ર છે. જોકે શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે તેઓ તો અનાદિ અક્ષરબ્રહ્મનો જ અવતાર છે. તેથી તેમણે કંઈ સાધના કરીને ભગવાનનો સાક્ષાત્કાર કર્યો નથી. તેઓ તો પરબ્રહ્મની જેમ જ અનાદિથી માયાપર છે. તેથી એ બંનેને નિત્ય નિકટનો સંબંધ છે. પરબ્રહ્મ એમનાથી અક્ષરધામમાં અને આ લોકમાં પણ ક્ષણમાત્ર અને અણુમાત્ર દૂર નથી. તેથી **વચ.પ્ર. ૨૭** પ્રમાણે એમની આંખો દ્વારા દૃષ્ટિ કરનારા, કાન દ્વારા સાંભળનારા, જીભ દ્વારા બોલનારા સાક્ષાત્‌ શ્રીજીમહારાજ જ છે. જૂનાગઢમાં એક પ્રસંગે સ્વામીએ પરાભાવમાં આવી અલૌકિક વાતો કરી, ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું, ‘‘સ્વામી, આજ તો ઘણી સમજવા જેવી વાતો કરી. આ વાતો કરોડો જન્મની કસર ટાળીને સાક્ષાત્‌ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે તેવી વાતો છે.’’ સ્વામીશ્રીએ તરત જ કહ્યું, ‘‘મહારાજ! હું એકેય ધારતો નથી. એ તો માંહી રહીને શ્રીજીમહારાજ પંડે બોલે છે.’’ એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા, ‘‘હા સ્વામી! એ તો પ્રત્યક્ષ દેખાય છે કે તમારે વિશે રહીને મહારાજ સદાય વાતું કરે છે.’’ જેમના દ્વારા સ્વયં શ્રીજીમહારાજ સાક્ષાત્‌ બોલતા હોય, એમની વાતોની પ્રમાણભૂતતાના શંકા અને કુર્તકને સ્થાન જ ક્યાંથી હોય ?

**વિભાગ : ૨ ‘શાસ્ત્રીજી મહારાજ’ વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ છઠ્ઠી આવૃત્તિ ફેબ્રુઆરી-૨૦૦૭ના આધારે**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર નિબંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શાસ્ત્રીજી મહારાજના જીવનમાં મહારાજ-સ્વામીનું પ્રાધાન્ય.**

૧. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત - અક્ષરની અનિવાર્યતાની ચાવીરૂપ રહસ્યની વાત ભગતજી મહારાજથી સમજાઈ - મોક્ષમાર્ગમાં અક્ષરની આવશ્યકતાની વાત યજ્ઞપુરુષદાસને સમજાઈ ગઈ. ૫૭-૫૮

૨. વિજ્ઞાનાનંદ સ્વામીના વચનથી મહારાજ પુરુષોત્તમ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરની વાત સમજાઈ ગઈ. તેથી આ વાતનું શાસ્ત્રીજી મહારાજના જીવનમાં પ્રાધાન્ય થઈ ગયું. ૬૫

૩. ગઢડામાં લક્ષ્મીવાડીમાં સ્વામિનારાયણ ભગવાનની લાજ રાખવા માટે સ્વામીશ્રીએ મહીધર શાસ્ત્રીના આહ્‌વાનને ઝીલીને શાસ્ત્રોક્ત વાતોથી મહીધર શાસ્ત્રીનો પરાજય. ૧૫૨

૪. ભક્તે સહિત ભગવાનની ઉપાસના શાસ્ત્રસંમત - સ્વામી નિર્મળદાસજીને વઢવાણમાં જમીન અપાવતાં પહેલાં અક્ષરપુરુષોત્તમ પધરાવવાનું વચન લીધું. ૨૨૧

૫. વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની ધાતુની મૂર્તિઓ મધ્યમંદિરમાં બેસે તે માટે ખરડો કરાવ્યો. ૨૩૦

૬. વઢવાણ વિરુદ્ધ મૂળીમાં થયેલી સભા કોઈ ઠરાવ વગર વિખરાઈ ગઈ - શાસ્ત્રીજી મહારાજ દ્વારા બાલમુકુંદ સ્વામીને પક્ષ રાખવા વિનંતી. ૨૪૦

૭. મધ્યમંદિરમાં મૂર્તિ બેસાડવાનો વિરોધ થાય તો બાજુના ખંડમાં પણ અક્ષરપુરુષોત્તમ પધરાવી દેશો. ૨૪૩

૮. મને સંકલ્પ હતો કે તમારી હયાતીમાં મહારાજ અને સ્વામી બેસે તો સારું - કોઠારી ગોવર્ધનભાઈને સ્વામીશ્રી કહે છે. ૨૪૫

૯. ભાદરણના વૈષ્ણવ હરિભક્ત - સ્વામીશ્રીને પ્રશ્ન - તમો તો સ્વામી મહારાજને ભગવાન માનો છો ? સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન. ૨૬૨થી૨૬૪

૧૦. આપ અખંડ અમારી ભેગા રહેજો. ૨૮૧-૨૮૨

૧૧. મહારાજે કાશીદાસ મોટા ને ધામ સહિત બિરાજવાનો વર આપ્યો હતો. તે મુજબ પ્રથમ મંદિર બોચાસણમાં કરવાનો નિર્ણય. ૨૯૨-૨૯૩

૧૨. બોચાસણમાં પાયા ખોદવાની શરૂઆત - સ્વામીશ્રીએ શરૂઆતમાં જ કહ્યું ‘મહારાજ બાપને ઠેકાણે છે અને સ્વામી માને ઠેકાણે....ફતેહ થશે.’ ૩૧૯

૧૩. હે સ્વામી ! આપ દયા કરી બિરાજો - સ્વામીશ્રીએ બોચાસણ મૂર્તિપ્રતિષ્ઠામાં ગુણાતીતાનંદ સ્વામીને કરેલી પ્રાર્થના. ૩૨૬

૧૪. કોસીન્દ્રાના કલ્યાણ ઠારને નવજીવન આપ્યું - મહારાજને સંભારીને દવા આપવાની ભલામણ કરી. ૩૭૨-૩૭૩

૧૫. મહારાજ વર અને સ્વામી અણવર ઉપાસના સંબંધી ચોખ્ખી વાત સમજાવી. ૩૭૮

૧૬. સારંગપુર મંદિરમાં સ્વામીશ્રી ચૂનાની ગાડીઓ જાતે ખેંચતા - સૌ રોકે ત્યારે કહેતા ‘અહો ! આવી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે...... મળતી નથી. ૩૮૨

૧૭. ગ.મ.૨૧ પ્રમાણે કબૂલ રાખે તો વરતાલ સાથે ભેગા થવાનો વાંધો નથી. - દોલાભાઈને ૪૧૨

૧૮. મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે. - લીમડીના ઠાકોર સાહેબને. ૪૨૫

૧૯. અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરો તો મહારાજ દીકરો આપે. - ખાનદેશના એંસી વર્ષના વૃદ્ધને. ૪૫૬-૪૫૭

૨૦. મોતીભાઈનું ઘર ઓલવ્યા બાદ તેમને આશ્વાસન આપતાં સ્વામીશ્રી કહે મહારાજની ઈચ્છા એ આપણું પ્રારબ્ધ. ૪૬૯

૨૧. મૂર્તિઓ પધરાવી છે તે કબૂલ રાખે. આચાર્ય મહારાજ આરતી ઉતારે તો જ ભેગું ભળવું - કોઠારીનો સ્પષ્ટ અભિપ્રાય અને સ્વામીશ્રીનો તો એ સિદ્ધાંત જ હતો. ૪૭૪

૨૨. અક્ષરપુરુષોત્તમને માટે તો શ્વપચને ઘેર વેચાવું પડે તોપણ ઓછું છે. - ભાવનગરમાં ઝોળી માંગવાનો પ્રસંગ. ૫૧૮-૫૧૯

૨૩. સંજાયામાં ૨૦૦ માણસની રસોઈ-હરિભક્તો વધી પડયા - સ્વામીશ્રીને જણાવ્યું કે પહોંચશે નહિ સ્વામીશ્રી કહે કેમ ન પહોંચે ? મહારાજ પૂરું કરશે. ૫૨૮

૨૪. અખંડ વિચરણ - સ્વામીશ્રી કહેતાં - મહારાજ અને સ્વામીની સેવાને અર્થે જ આ દેહ ધર્યો છે... દેહ ઘસી નાખવો. ૫૫૬-૫૫૭

૭૦૨

૨૫. અક્ષરપુરુષોત્તમને મધ્ય મંદિરમાં પધરાવવા તેમાં મહારાજનો રાજીપો છે. ૫૬૯

૨૬. અક્ષરપુરુષોત્તમ મહારાજ આપણને જમવાનું આપે છે તે પ્રમાણે સેવા ન કરીએ તો પચે નહિ. ૬૦૫

૨૭. ગોંડલ મંદિરની સેવા માટે મનસુખભાઈ મિસ્ત્રીને કહ્યું ‘મહારાજને સંભારીને જાઓ.’ ૬૫૨

**૨. ગોંડલ અક્ષરમંદિરનો ઈતિહાસ**

૧. જમીનનું નક્કી કરી સારંગપુર આવતાં સેંથળી ગામે હરિભાઈ અમીનની મોટર નદીમાં ફસાઈ ગઈ. ૬૦૮

૨. ભરૂચમાં નારાયણજી મહારાજે હરિભાઈ અમીનને નિયમની એકાદશીએ અક્ષર મંદિરની જમીન. લઈ આપવાનો નિયમ આપ્યો - અંતર્યામી સ્વામીશ્રીએ સોમા ભગતને સામે મોકલ્યા. ૬૦૯

૩. હરિભાઈએ જમીનની કિંમત બે લાખ કહી ત્યારે અંતર્યામી સ્વામીશ્રીએ તેના પચ્ચીસ હજાર કહ્યા. ૬૦૯

૪. સ્વામીશ્રીએ અક્ષરદેરીનો કહેલો મહિમા - ગોંડલ નરેશ ભગવતસિંહજીની શરતો. ૬૧૦

૫. જેતલસર જંકશને હરિભાઈને થયેલા ગુણાતીતાનંદ સ્વામીના દર્શન. ૬૧૦

૬. ગુણાતીતાનંદ સ્વામી અને સ્વામીશ્રીના એક સરખા જ શબ્દોથી હરિભાઈને થયેલી ખાતરી. ૬૧૦

**૩. સૌના મુખનું પાન : ડુંગર ભક્ત**

૧. આ તમારો ભાઈ પૂર્વજન્મનો બહુ સંસ્કારી ભક્ત છે. શુકમુનિએ ઉચ્ચારેલી ભવિષ્યવાણી. ૧૬

૨. આ તમારો ભાઈ તો ત્યાગી થઈ, સાધુ થઈ, શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે - ગુ. સ્વામી. ૧૭

૩. આ તો કોઈ પૂર્વના યોગભ્રષ્ટ કે મુક્તાત્મા છે. નહિ તો આટલી નાની વયમાં આવી ક્રિયા હોય નહિ. - મહેળાવવાસી સૌને થતું. ૧૯

૪. ધ્રુવજી તો ફરી તપ કરવા નહિ આવ્યા હોય ને ! - એકાદશીનો આગ્રહ રાખતા કરમસદના લોકોને થયેલી ભાવના. ૨૦

૫. આ બાળસ્વરૂપમાં કોઈ અવતારી વિભૂતિ સ્વરૂપ તો નહિ હોય - મધરાતે ખેતરે પહોંચેલા ડુંગર ભક્ત માટે પિતાશ્રી. ૨૧

૬. રાવજીભાઈ પોતાની પાસે રાખવા તૈયાર થયા. - આ છોકરો તો સંસારમાં રહે તેવો જણાતો નથી. - ઝુમ્મર પહેલે માળે ગોઠવો તો સારું : સૌએ સૂચન સ્વીકારી લીધું. ૨૪

૭. થાંભલા રવેશીમાં મૂક્યા હોત તો શોભા સારી આવત - જેઠાભાઈ સુથારને આશ્ચર્ય. ૨૫

૮. ભટજીની અદાથી માણ વગાડી મહાભારતની કથા કરતાં સર્વ કોઈ ડુંગરભક્તને પ્રેમથી જોવા લાગ્યા. ૨૭

૯. કોઠારી બેચર પોતાની સાથે રાખવા તૈયાર થયા. ૨૯

૧૦. આ જો સાધુ થઈને મારી પાસે રહે તો મારી સમગ્ર વિદ્યાનો વારસ બને : સ્વામીશ્રી વિજ્ઞાનાનંદજી. ૩૨

૧૧. સંસ્કૃતના શ્લોકનું સુંદર, સ્પષ્ટ, અને મધુર ગાનથી સભા મુગ્ધ - આ ભગત મારો વંશ રાખશે- વિજ્ઞાનાનંદજી ૪૦

૧૨. આ ફેરવે છે એવી માળા ફેરવતાં સૌ શીખો -‘જરૂર આ છોકરો ચમત્કારી થશે.- આચાર્ય વિહારીલાલજી મહારાજ. ૪૩

૧૩. આ તો અક્ષરધામમાંથી મહારાજે જ મોકલેલા મુક્ત છે અને સમગ્ર સંપ્રદાયના છે પણ આપણા એકલાના નથી - પુત્રનો ઉપદેશ સાંભળી પિતાની થયેલી વિશાળ દૃષ્ટિ. ૪૬

૧૪. આસન ક્યાં બદલો છો ? કોઠારી ગોવર્ધનભાઈને પણ પોતાની પાસે રાખવાની ઈચ્છા. ૪૭

૧૫. આ ડુંગર ભક્ત બહુ મુમુક્ષુ છે. માટે એમને રહેવાની રજા આપો - કોઠારી ગોવર્ધનભાઈ. ૪૯

૧૬. સમૈયામાં સેવા કરતાં બાળભક્તમાં સૌને અતિ મહાન દિવ્ય વિભૂતિનાં દર્શન થતાં. ૪૯

૧૭. સુરત મંદિરમાં તમામ સેવામાં કાર્યદક્ષતા જોઈ વિજ્ઞાનાનંદ સ્વામીનો અત્યંત રાજીપો. ૫૧

૧૮. સુરતમાં શુદ્ધ મુમુક્ષુઓ આ કિશોરમાં અવતારી દિવ્ય તત્ત્વની શોધમાં ભક્તિભાવપૂર્વક જોઈ રહેતા. ૫૧-૫૨

૧૯. સુરત મંદિરના મહંત સર્વાંશે સૌ તેમને જ માનવા લાગ્યા. ૫૨

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ડુંગર ભક્તનો કથાવાર્તાનો ઈશક. (ભાગ - ૧ : ૩૧૪)**

૧. રાત્રે પિતા પાસેથી રામાયણ, મહાભારત તથા ભાગવતની કથા સાંભળતા. ૨૦

૨. ભગવાનની વાતો કરો તો ગડિયા વાળું - વરતાલમાં સદા સંતો પાસે બાળભક્તનો અડ્ડો. ૨૨

૩. લહિયાનાં ફેંકેલા પાના કથાકારની અદાથી વાંચતા. ૨૩

૪. મહાભારતની કથા કરી - મોટા મોટા સાધુ ડુંગર ભક્તને પ્રથમ હરોળમાં બેસાડતા. ૨૬-૨૭

૫. આચાર્ય મહારાજ તથા સંતો પાસે બેસારીને મહારાજની લીલાની વાતો સંભળાવતા - અદ્ભૂતાનંદ સ્વામી તેમને ત્યાગ-વૈરાગ્યની વાતો કરતા. ૨૮

૭૦૨

**૨. સારંગપુરના મંદિર નિર્માણ પહેલાં શાસ્ત્રીજી મહારાજે કરાવેલું ઐશ્વર્ય દર્શન.** (ભાગ - ૧ : ૩૦૭)

| | | |
|---|---|---|
| ૧. | અહીં ત્રણ શિખરનું મંદિર મને દેખાય છે. | ૨૧૧ |
| ૨. | સારંગપુરમાં મંદિર કરવાનો સંકલ્પ. - અમે આજ મોટા મંદિરનું ખાત કરીએ છીએ. | ૩૪૮ |
| ૩. | મોતીભાઈ સારંગપુરમાં મંદિર કરવું છે તેનું કીર્તન બનાવો. | ૩૪૯ |
| ૪. | સારંગપુરમાં મોટા મંદિરના પગરણ - સારંગપુરના હરિભક્તોની પ્રાર્થના. | ૩૫૬ |
| ૫. | સારંગપુરમાં પીઠાખાચરના ઓરડાની ખરીદી ઝવેરલાલ, ભૂધરભાઈ, રામચંદ્રભાઈ વગેરેએ મળીને કરી. | ૩૫૭ |
| ૬. | લીમડીના દિવાન સાહેબનો જમીન ખરીદીમાં સહકાર. | ૩૫૮ |
| ૭. | સારંગપુરમાં સત્‌યુગ. | ૩૭૦ |
| ૮. | પીઠાખાચરના ઓરડામાં પટમૂર્તિની પ્રતિષ્ઠા - એક મણના કંસારમાંથી આખું ગામ જમાડ્યું. | ૩૭૩ |
| ૯. | અહીં તો સર્વોપરી મંદિર થશે અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરમાં બિરાજશે - કોઠારી પ્રભુદાસ | ૩૭૪ |
| ૧૦. | સારંગપુરનો ભંડાર કરવા કોઈ જવા તૈયાર થાય તેને નારાયણ મુનિ જેવા નિષ્કામી કરી દઉં - શાસ્ત્રીજી મહારાજ. | ૩૭૬ |
| ૧૧. | સ્વામીશ્રીની આજ્ઞાથી હરિકૃષ્ણદાસ સ્વામી ભંડારો કરવા તૈયાર થયા. | ૩૭૬-૩૭૭ |
| ૧૨. | આવી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે - શાસ્ત્રીજી મહારાજ - કાળીદાસ માવજી અને મોહનભાઈ માવજી જોઈતી તમામ વસ્તુઓ લાવી દેતા - કુંવરજી અને વાલા ભક્ત રોજ કડિયાકામે આવતા. | ૩૮૨ |
| ૧૩. | આપણે તો મહારાજ- સ્વામીની ઇચ્છાથી આ મંદિર કરીએ છીએ. કોઈ જાતનું મમત્વ નથી. - શાસ્ત્રીજી મહારાજ. | ૩૮૩ |
| ૧૪. | ઝીંઝરના દરબાર રાણાભાઈ શુષ્ક સત્સંગી મટી શુદ્ધ સત્સંગી થાય છે. | ૩૮૩ |
| ૧૫. | સાંખેજના ભૂલાભાઈના આગ્રહથી ગુજરાતના હરિભક્તોનો ખરડો કરાવ્યો. રૂા. ૨૮,૦૦૦નો ખરડો થયો. | ૩૮૫ |
| ૧૬. | સારંગપુર મંદિરની લખણી છગનભાઈનું નામ લખી રૂા. ૩૫ની રકમ લખી. | ૪૦૦-૪૦૧ |
| ૧૭. | સારંગપુર મંદિરમાં ભાવનગરના કુબેરભાઈનું વિજ્ઞાનદાસ સ્વામીની વાતોથી પરિવર્તન. | ૪૦૧ થી ૪૦૩ |
| ૧૮. | બ્રહ્મચારી મહારાજ ! હવે કાંઈક જ્ઞાનની વાતો કરો તો અહીં આવ્યું સાર્થક થાય - કુબેરભાઈ મુનિશ્વરદાસને. | ૪૦૪ |
| ૧૯. | સારંગપુરમાં પ્રતિષ્ઠા ઉત્સવ. | ૪૨૪ |
| ૨૦. | મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે. | ૪૨૫ |
| ૨૧. | સારંગપુર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ. | ૪૨૯ |
| ૨૨. | ત્રણસો ઝાલાવાડી હરિભક્તો પીરસવાની સેવામાં. | ૪૩૩ |

**૩. શાસ્ત્રીજી મહારાજના વિરોધીઓના હાથ હેઠા પડ્યા.** (ભાગ - ૧ : ૩૦૭, ૩૧૪)

| | | |
|---|---|---|
| ૧. | ભગતજીનો લોટો ટાંકામાં બોળ્યો ને ટાંકું અભડાવ્યાની વાત કરી. વિરોધીઓએ વિક્ષેપ નાખવાનો પ્રયત્ન કર્યો ત્યારે નીડરતાપૂર્વક સાચી હકીકત રજૂ કરી વિક્ષેપ ટાળી નાખ્યો | ૬૦ |
| ૨. | ડભોઈના પુરાણી મોરલીધરદાસ ભગતજીના વિરોધી પણ સ્વામીશ્રીની વાતો સાંભળી બોલી ઊઠ્યા ‘વાહ યજ્ઞપુરુષદાસ તેં તો અંતર ઠારી દીધું.’ | ૧૪૩ |
| ૩. | જાગા ભક્ત ઉપર પ્રતિબંધ નાખનાર જીભાઈ કોઠારીએ સ્વામીશ્રીની વાતો સાંભળી પ્રતિબંધ ઊઠાવી લીધો. - સાધુ ઘનશ્યામદાસે ઉપાડેલી ઉપાધિ સમાવી દીધી | ૧૭૭ |
| ૪. | જૂનાગઢ સત્સંગિજીવનની કથા પ્રસંગે ‘કોનું પૂજન પહેલું’? તે પ્રશ્ન વિરોધ કરનાર ઘનશ્યામદાસ સ્વામીશ્રીની સિંહ ગર્જનાથી દબાઈ ગયો. | ૧૭૯ |
| ૫. | શાંકરમતના સંસ્કારોવાળા જીવણરામ શાસ્ત્રીને ‘વિશિષ્ટાદ્વૈત મત’માં અભિરૂચી થઇ - રામાનુજ ભાષ્યને પ્રમાણ માનવા લાગ્યા. | ૧૮૨ |
| ૬. | ભગતજી મહારાજનું જે સ્થળેથી (જૂનાગઢમાં) અપમાન થયું હતું તે જ સ્થળે ધામધૂમથી પધરાવ્યા. | ૧૮૩ થી ૧૮૫ |

૭. દ્વારકાના અભિમાની વહીવટદાર રંગીલદાસની ઉપર પોતાની ભક્તિના પ્રભાવથી મંદિર કરવા જમીન મેળવી. ૨૦૭-૨૦૮
૮. વઢવાણ વિરુધ મૂળીની સભા કોઇ પરિણામ વગર વિખરાઇ ગઈ. ૨૩૯-૨૪૧
૯. કોઠારીના સંકલ્પથી વિરુધ્ધ સંકલ્પ તેમની હયાતીમાં જ 'અક્ષરપુરુષોત્તમ દેવ' બેસાડ્યા. ૨૪૫-૨૪૬
૧૦. 'મને ખાત્રી જ હતી કે તું આમાં પ્રથમથી જ પડ્યો છું પણ હવે જે થયું તેની વિગતવાર વાત કર. - કોઠારી ગોરધનદાસ. ૨૪૭
૧૧. વરતાલ પૂનમની સભામાં 'અક્ષરપુરુષોત્તમની જય' પણ વિરોધીઓ કાંઈ બોલી ન શક્યા. ૨૬૦
૧૨. વાંઠવાળીમાં સ્વામીશ્રીની સભામાં અનિચ્છાએ બેસનાર રામચંદ્ર ઠાકરને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત સાચો લાગ્યો ૨૬૯
૧૩. વિરોધીઓએ ખીચડીમાં આપેલું ઝેર સ્વામીશ્રી પચાવી ગયા. ૨૭૫
૧૪. ભંડારમાં જમવા ગયેલા સ્વામીશ્રીને ચૂલામાં નાખવાનો પ્રયત્ન હરિભક્તોની સમયસૂચકતાથી નિષ્ફળ ગયો ૨૭૬
૧૫. સ્વામીશ્રીને સમન્સ પહોંચાડવાની હા પાડનાર દેસાઈભાઈ દાદાભાઈને કાળનું તેડું આવ્યું. ૨૯૭
૧૬. લોભના પ્રપંચમાં પડેલા મણિભાઈએ સ્વામીશ્રીના વિરોધમાં ખોટી ફરિયાદ કરી દાવો નોંધાવતા દીકરો મરી ગયો - ત્રીજે દિવસે પત્ની મરી ગઈ - નોકરીમાંથી બરતરફ થયા. ૨૯૬-૨૯૭
૧૭. ચીમનલાલ ક્રિપાશંકર અતિ દ્વેષ અને દ્રોહને કારણે ત્રણ માસ લકવાથી પીડાયો ૨૯૮
૧૮. બોચાસણ મંદિરના કાર્યમાં વરતાલથી વિધ્ન નાખવા આવેલા રામકૃષ્ણાનંદ બ્રહ્મચારીને બોચાસણના હરિભક્તોએ રાત્રે જ વહેરા મોકલી દીધા. ૩૦૭-૩૦૮
૧૯. ત્રણ હથિયારબંધ પાળાઓ બોચાસણ સ્વામીશ્રીને મારવા આવ્યા તો ગામના લોકોએ તેમને મારીને કાઢી મૂક્યા. ૩૧૫
૨૦. રણુથી ઊંટ પર બેસી હથિયારબંધ પાળા સ્વામીશ્રીને મારી નાખવા સાધી ગયા ત્યારે સ્વામીશ્રી તો ત્યાંથી નીકળી ગયા હતા. પાળાઓ ઊંટ ગબડી પડવાથી ઊંટનો પગ ભાંગી ગયો અને પાળાઓને પણ પડવાથી વાગ્યું. ૩૧૬
૨૧. હીરાભાઈને (હીરામુખી) પાંચ હજારની લાંચ આપી પ્રતિષ્ઠા અટકાવવાનો પ્રયત્ન કર્યો. હીરાભાઈએ આપેલી ચુનોતી. ૩૨૨
૨૨. હરિદાસ બાવાએ ઠાકોરજીના થાળ માટે વાડી વેચાણ આપવાની ના પાડી તો સંસારની વાસના ઉદય પામી. ૩૨૭
૨૩. બોચાસણ મંદિરના દરવાજા માટે વધારાની જમીન ન આપવા દેવા માટે ભેગા થયેલા વિરોધીઓ ખૂંટી લોહીવાળી જોઇને વિખરાઇ ગયા. ૩૩૩
૨૪. સ્વામીશ્રીને મહાત્ કરવાના વિચારથી બોચાસણ આવેલા મુનીશ્વરાનંદ બ્રહ્મચારીની નામોશી ભરી વિદાય. ૩૩૯-૩૪૧
૨૫. સારંગપુરમાં મંદિર માટે પીઠા ખાચરના ઓરડા લીધા - ભીમજી કોઠારીનું અભિમાન ઉતરી ગયું ૩૫૭
૨૬. પીઠાખાચરના ઓરડાઓમાં પટ મૂર્તિઓની પ્રતિષ્ઠા વિધિ કરાવવા તથા રસોઈ કરવા કોઈ બ્રાહ્મણ આવે નહિ તેની તકેદારી વિરોધીઓએ રાખી પણ હનુમાનજીના પૂજારી ભવાનીશંકર બ્રાહ્મણ સેવામાં જોડાઈ ગયા. ૩૭૩
૨૭. સાધુ હરિકૃષ્ણદાસને 'અમારા મંદિરમાં આવો રાજધાની ભોગવવાની છે' કહેનારા ઝીંઝરના દરબાર રાણાભાઈએ સ્વામીશ્રીને મોક્ષના દાતા તરીકે સ્વીકાર્યા. ૩૮૩
૨૮. અમદાવાદ મંદિરમાં સ્વામીશ્રીને લોટો મારનાર બ્રહ્મચારીને આખા શરીરે બળતરા ઊપડી તેથી જ્યારે સ્વામીશ્રી બીજી વાર દર્શને ગયા ત્યારે માફી માગી. ૩૮૯-૩૯૦
૨૯. 'તમે આ જુદું કર્યું છે. તેથી અમારું મન જરા નોખું રહે છે.' બોલનાર ભાવનગરના કુબેરભાઈ શાસ્ત્ર સંમત વાત સાંભળી સ્વામીશ્રીમાં ભળી ગયા. ૪૦૧
૩૦. 'તમારી વાતોથી મને હવે તેમનો સત્તર આની ગુણ આવ્યો છે.' કુબેરભાઈને વાળવા જનાર મુનીશ્વરાનંદ સ્વામીને કુબેરભાઈ કહે છે. ૪૦૩

૩૧. સ્વામીશ્રી પાસે રહેલા સાધુ પ્રેમવતીદાસને વડોદરામાં શાસ્ત્રી કૃષ્ણપ્રિયદાસ પાછા લઈ જતાં હતાં ત્યારે પ્રેમવતીદાસે કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે મને દળના લાડુ અને ચરણારવિંદની જોડ આપી લલચાવ્યો નથી. એક મોક્ષને વાસ્તે જ તેમની પાસે રહ્યો છું. ૪૦૬-૪૦૭
૩૨. 'આ તો જે કાર્ય કરવા મહારાજને અવતાર ધરી ફરી આવવું પડે, તે કાર્ય આપે કર્યું છે.' વરતાલ કમિટિના સભ્ય દોલતરામ પંડ્યા. ૪૧૭
૩૩. વિરોધીઓના ચડાવેલા લીમડીના ઠાકોર સાહેબનો પ્રશ્ન 'કઈ મૂર્તિઓ પધરાવવાના છો ?' તેનો જવાબ સાંભળતાં જ ઠાકોર સાહેબે કહ્યું : 'અમારા બોલ્યા સામું ન જોશો.' ૪૨૫-૪૨૬
૩૪. સારંગપુર મૂર્તિ પ્રતિષ્ઠામાં શીરો ખૂટાડવાનો વિરોધીઓનો પ્રયત્ન નિષ્ફળ ગયો. - આઠ દિવસ સુધી શીરો ખૂટ્યો નહિ. ૪૩૨
૩૫. લાઠીદડ, કારિયાણી, નિંગાળા, તાજપુર અને કેરિયાના આગેવાનોએ ગઢડાની મહોબત મૂકી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ૪૩૪
૩૬. લક્ષ્મીપ્રસાદે આપણા ઉપર ઉપકાર કર્યો છે - શાસ્ત્રીજી મહારાજ. ૫૧૩
૩૭. વરતાલ શતવાર્ષિક પાટોત્સવમાં 'શ્રી અક્ષરપુરુષોત્તમ અને શાસ્ત્રીજી મહારાજ'ના જયનાદો ૫૨૭
૩૮. ગોંડલ અક્ષર દેરીના સ્થાન પર વિરોધી સાધુઓના ચડાવેલા ખોજાઓ મોહન ભગતને મારવા આવ્યા પણ ભગતની ત્રાડ સાંભળી ખોજાઓ પલાયન થઈ ગયા. ૬૨૯
૩૯. ગોંડલના મહારાજાને આડીઅવળી વાતો કરી કામ બંધ થયું છે તેની તપાસ કરાવવાની વિરોધીઓની યોજના પર પાણી ફરી વળ્યું ને રૂ. ૫૦ દંડ થયો. ૬૩૦-૬૩૧

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.**

**૧. યજ્ઞપુરુષદાસ તો કાપિયું વ્યાજ કાઢનારા છે. (ભાગ - ૧ : ૧૦૨)**

**પ્રસંગ :** ૧. ઝાડવે ઝાડવે અને પાંદડે પાંદડે પ્રાગજી ભક્તનું ભજન. ૧૦૦
૨. તમે બંન્ને સાધુ પાછા જાવ. ભરી સભામાં ખડ લઈ દંડવત્ કરી માફી માગી સાધુઓને રાજી કરી આવો - ભગતજી - યજ્ઞપુરુષદાસ તો કાપિયું વ્યાજ કાઢનારા છે. ૧૦૧
૩. સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. ૧૦૨

**મનન :** શાસ્ત્રીજી મહારાજે જે રીતે નિર્માનીપણે ભગતજીની આજ્ઞાનુસાર વરતાલ જઈ માફી માગી. તેમ આપણે પણ નિર્માનીપણે વર્તવું જોઈએ. નિર્માનીપણે વર્તવાથી દેહના ભાવ દૂર થાય છે. અને આત્મસત્તારૂપે વર્તાય છે. વળી ભગવાન અને સંતનો રાજીપો મળે છે.

**૨. ભાદરોડમાં અલૌકિક સુખની લહાણ (ભાગ - ૧ : ૧૨૩)**

**પ્રસંગ :** ૧. બ્રહ્મજ્ઞાનની અદ્ભૂત લહાણ. ૧૨૩
૨. અન્નજળનો ત્યાગ કરી ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપ ભગતજીના ગુણાનુવાદમાં મગ્ન. ૧૨૫
૩. યજ્ઞપુરુષદાસજીની નિર્દોષ અને મોહક મૂર્તિનું ભગતજીને આકર્ષણ. ૧૨૫
૪. છાણાં વીણી ઉપાડવાનો પ્રસંગ. ૧૨૫
૫. હાથીની અંબાડીએ બેસે તેને રખડવું પડે છે. ૧૨૬
૬. કપિલ ગીતાનો શ્લોક પ્રસંગ મજરં ... ૧૨૭
૭. કક્કા કળિમાં છે એ સાર. ૧૨૭
૮. તોરી મોરી પ્રીત ન છૂટે રે... ૧૨૮
૯. બહુજન સમાસ અર્થે નવા નવા ગામોમાં ઝોળી માંગવાની આજ્ઞા. ૧૨૮
૧૦. રોટલા અને શાકોત્સવ. ૧૨૯
૧૧. અલૌકિક સુખની લહાણ. ૧૩૦
૧૨. ભગતજીને ચંદનની અર્ચા. ૧૩૧
૧૩. ભગવાન અને સંતની એક સરખી જ રીત હોય. ૧૩૨

**મનન :** પ્રત્યક્ષ સંતને ઓળખીને તેમની મન-કર્મ-વચને સેવા કરે ત્યારે સંત જ્યારે રાજી થાય છે અને ત્યારે તેમના દ્વારા ભગવાનનું સુખ મળે છે.

૭૦૨

૩. **બ્રહ્માંડ તૂટી પડે તો પણ પથ્થર નહીં પડે. (ભાગ -૧ : ૪૪૬) પ્રસંગ :** સારંગપુરમાં વચલા મંદિરના તરઘટનો ૧૫૦ મણનો પથ્થર જાડા રાંઢવાના (દોરડાંના) સાત બંધથી બાંધેલો ઉપર ચઢતો હતો - એક પછી એક છ બંધ તૂટ્યા - સ્વામીશ્રીએ લટકતા પથ્થર બાજુ એક હાથ ઊંચો કર્યો - મહાકાય સોમા ભગતને રાંઢવા બાંધી દેવાની આજ્ઞા - સોમા ભગતે ત્વરિત આજ્ઞાનું કરેલું પાલન - વહીવટદાર સ્વામીશ્રીનો અદ્‌ભૂત પ્રતાપ નિહાળી નમી પડ્યા - **મનન :** ભગવાન અને સંત આવા પ્રસંગો ઉપસ્થિત કરીને પોતાના આશ્રિતોની નિષ્ઠાનું માપ કાઢી લેતા હોય છે. ભગવાન કે સંતની દરેક આજ્ઞા પોતાની સ્થિતિને કસોટીએ ચડાવવા માટે જ છે. એમ માનીને જે ભક્ત આજ્ઞામાં ટૂક ટૂક થઈ જાય છે તે આત્મસત્તારૂપ થવાના માર્ગ ઉપર જ છે.

૪. **પાણીમાં આગ (૨૭૬) પ્રસંગ :** સંવત ૧૯૬૨ના કાર્તિક સુદિ ૧૫ના સમૈયા પછી વરતાલમાં સાધુઓમાં આસુરભાવ પૂર્ણરૂપે પ્રગટ થાય છે. - ભંડારમાં જમવા જતા સ્વામીશ્રીને ચૂલામાં ફેંકી દેવાની તૈયારીઓ કરી - હરિભક્તોનો સમૂહ - લાગ ન ફાવ્યો - અંદરોઅંદર લડાઈ

**મનન :** ભગવાન જેની રક્ષામાં હોય તેનો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે.

૫. **જાગાસ્વામીની બંધી તોડી : પ્રસંગ :** ૧. સ્વામી જાગા ભક્તને ઉપાધિ : સાધુ ઘનશ્યામદાસે કોઠારી જીભાઈના કાનમાં જાગા ભક્ત વિરુદ્ધ રેડેલું વિષ ઉપાય તરીકે જાગા ભક્ત ઉપર બંધી કરવાની ભલામણ-વરતાલના મુખ્ય કોઠારીનો પણ ફરમાનને ટેકો - જાગા ભક્ત અતિ ઉદાસ - સ્વામીશ્રીને રાજકોટમાં મળેલા સમાચાર - સાંજે જ સ્વામીશ્રી જૂનાગઢમાં જાગા સ્વામીને ઓરડે - બંધી હવે આજથી તૂટી. ૧૭૩ થી ૧૭૫

૨. કોઠારી જીભાઈ સ્વામી જાગા ભક્તનો મહિમા સમજે છે. ૧૭૫

૩. કોઠારીનો પરિતાપ - આજથી જે જે સત્કર્મ મારાથી થાય તે બધાનું પુણ્ય તમને-સ્વામી જાગા ભક્તે યજ્ઞપુરુષદાસને આપેલો રાજીપો. ૧૭૭-૧૭૮

**મનન :** સારી વ્યક્તિ હોય તેને પણ જો ખરાબ માણસનો સંગ થાય તો તેના સંગે કરીને જાણેઅજાણે ભગવાન કે મોટા સંતનો દ્રોહ થઈ જાય છે. પણ જો તેને સારી વ્યક્તિ સાથે પણ હેત હોય તો તે સારી વ્યક્તિ તેને આવા દ્રોહમાંથી ઉગારી લેતી હોય છે. માટે હંમેશા સંગ ઓળખીને કરવો.

**પ્ર.૧૦ નીચે આપેલા પાત્રમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. નિર્ગુણ સ્વામી : પ્રસંગો**

૧. નિર્ગુણદાસ સ્વામી : સંવત ૧૯૫૩માં દીક્ષા - 'રે રંગ સહિત હરિને રટીએ....' ૩૬૦,૩૬૧

૨. ખાનદેશમાં સત્સંગ પ્રચાર - વસંત પંચમીનો સમૈયો. ૪૫૫

૩. ચેડીબાઈએ અર્પણ કરેલા ઘરેણાં. ૪૫૮

૪. ઉકાળો ગળ્યો ને મોળો છે. ૪૫૯

૫. આની આપેલી માનતા કેમ ન ફળે ? ૪૬૦-૪૬૧

૬. નિર્ગુણદાસ સ્વામીને છપૈયામાં મહારાજનાં દર્શન. ૫૧૪-૫૧૫

૭. મોતીભાઈને અનેકગણું દેવું છતાં કેફમાં કીર્તન બનાવ્યું. નિર્ગુણદાસ સ્વામીની આંખમાં આંસુ.૫૪૨થી૫૪૪

૮. અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન ..... રાજીપો છે. ૫૬૯

૯. હરમાનભાઈને અક્ષરપુરુષોત્તમના જ્ઞાનના પ્રર્વતન માટે પ્રોત્સાહન ૬૩૨

૧૦. મોતીભાઈનો શાસ્ત્રીજી મહારાજ પર પત્ર - મોતીભાઈનું દેવું ઉતારવાનું નિર્ગુણદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજ પાસે વરદાન માગ્યું. ૬૪૨થી૬૪૪

**વ્યક્તિત્વ :** પક્ષ અને પ્રેમની મૂર્તિ કહેવાતા. અક્ષરપુરુષોત્તમ ઉપાસના જીવમાં દૃઢ કરાવવા માટે તેઓ રાત-દિવસ પુરુષાર્થ કરતા. અંધાર ખંડ આફ્રિકાને પણ તેઓએ અક્ષરપુરુષોત્તમના જ્ઞાનના પ્રકાશથી અજવાળ્યો હતો. તેઓના પત્રો પુસ્તકના કદે લખાયેલા હતા. શાસ્ત્રીજી મહારાજ પણ કહેતા આ જ્ઞાનના પ્રર્વતનમાં નિર્ગુણદાસ સ્વામીનો ફાળો ચૌદ આની છે.

**૨. કૃષ્ણજી અદા : પ્રસંગો**

૧. રાજકોટમાં સ્વામીશ્રીના વિરોધમાં તૈયાર થયેલા ખરડામાં સહી કરનાર હિમરાજ શાહનો જીવનભર ત્યાગ કર્યો. ૧૭૨

૭૦૨

૨. શિક્ષાપત્રીમાં દેશકાળ અનુસારે વર્તવાની મહારાજે રીત બતાવી છે. - અદાશ્રી - સ્વામીશ્રીના વરતાલ છોડવાના નિર્ણયની પૂષ્ટિ કરી. ૨૭૯-૨૮૦
૩. શ્રીકૃષ્ણજી અદાની ઈચ્છાથી બોચાસણમાં 'સ્વામીની વાતુ' નું પારાયણ ગોઠવાયું. ૩૩૫
૪. આણંદમાં મંદવાડ અને હરિભક્તોને આપેલું ગુણાતીત સર્વોપરી સુખ ૩૩૭
૫. બાળયોગી ઝીણા ભક્તને અદાશ્રીનો પ્રસંગ ૩૫૨-૩૫૫
૬. જૂનાગઢથી નીકળેલા સંતોને અદાશ્રીએ આપેલો ઉતારો ૩૬૭
૭. રાજકોટ મંદિરમાં દર્શને ન આવવાનું અદાશ્રી પર ફરમાન ૩૬૯-૩૭૦
૮. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો ૩૯૧
૯. આપણે ભેગા ચાલશું - કથા કરનાર મણિશંકરભાઈને ૩૯૨

**વ્યક્તિત્વ :** ગુણાતીત જ્ઞાનના પ્રવર્તનમાં કોઈની પણ શેહશરમમાં દબાતા નહિ. જૂનાગઢી સંતોને મંદિરવાળાનો વિરોધ હોવા છતાં પોતાના ઘેર રાખે છે. તેમને મંદિરમાં આવવાની બંધી કરવામાં આવે છે. તો પણ તેઓ શાસ્ત્રીજી મહારાજનો પક્ષ છોડતા નથી પણ શાસ્ત્રીજી મહારાજની વિરોધના ખરડામાં સહી કરનાર હિમરાજ શાહ મિત્ર હોવા છતાં જીવનભર તેમનો ત્યાગ - શિક્ષાપત્રીમાં મહારાજે કરેલી આજ્ઞાનું સાચું અર્થઘટન કરીને સ્વામીશ્રીને વરતાલ છોડવા સમજાવી ઉપાસનાનો માર્ગ મોકળો કર્યો.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. મુક્તાનંદ સ્વામીની મોટપનું કારણ શ્રીજીમહારાજ શું જણાવે છે ? (૩/૩)
જ. સર્વે થકી પર જે અક્ષરધામ તેને વિષે બિરાજમાન એવા જે ભગવાન તેનો તમારે સાક્ષાત્કાર સંબંધ થયો છે.
૨. હૃદયમાં ટાઢું કેમ થાય ? (૩/૨૦)
જ. ટાઢું તો, તો થાય જે, જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રહેશું ત્યારે ટાઢું થાશે.
૩. કેવી રીતે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ એ સિદ્ધાંત વાત છે ? (૩/૩૩)
જ. નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ એ સિદ્ધાંત વાત છે.
૪. સત્સંગ થયો ક્યારે જાણવો ? (૩/૧)
જ. એક એક સાધુ વાંસે લાખો મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો એમ જાણવું.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. શ્રીજીમહારાજે ખરેખરા સત્સંગી કોને કહ્યા ? તેવા થવા માટે શો ઉપાય બતાવ્યો ? (૩/૯)**
જ. અમારા ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે, તે તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે.' પછી એવા સત્સંગી થવાનો ઉપાય બતાવતાં મહારાજ બોલ્યા જે, 'એવા સત્સંગી તો તો થવાય જો માયિક ભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થાઓ.

**૨. મહારાજનું સુખ ક્યાંથી આવે સમજાવતાં મોટા હરિભક્તને સ્વામીશ્રીએ શું કહ્યું ? (૩/૨૦)**
જ. જેમ ગાયનું વાછરું હોય તે ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા મારે, પણ દૂધનું સુખ આવે નહિ, તે તો જ્યારે આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે છે. તે તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત એ છે જે, આ બધો ય સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે, તે દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે, તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે.

૩. **કઈ ચાર વાત જીવનું જીવન છે ? (૩/૧૭)**

જ. એક તો મહારાજની ઉપાસના ને બીજી મહારાજની આજ્ઞા ને ત્રીજી મોટા એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદી સાથે સુહૃદપણું, એ ચાર વાતું તો જીવનું જીવન છે. તેને તો મૂકવી જ નહિ. ને જો અશુભ દેશ, કાળ, સંગ, ક્રિયા, શાસ્ત્ર, મંત્ર, દીક્ષા ને દેવતા એ આઠ અશુભનો યોગ થાય તો મહારાજને ને બીજા અવતારાદિકને વિષે સમભાવ કરાવી નાખે અને આજ્ઞાને વિષે ગૌણપણું દેખાડી દે ને મોટા સાધુને ને સત્સંગમાં ગરબડગોટા વાળતો હોય એ બેયને એકપણે કરી મૂકે ને ભગવદીને વિષે દોષ દેખાડી દે; એ આઠ દેશાદિક તો અસત્પુરુષને વિષે રહ્યા છે. માટે જેને જીવનું જીવન રાખવું હોય તેને તો ઓળખીને જીવ જોડવો.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **રાવણની સભામાં અંગદે પગ રોપ્યો. (૩/૧૬) દૃષ્ટાંતઃ** સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે આવીને પાંચ પગ રોપ્યા છે તેને ખોટા કરીને જીવનું રૂડુ થાય, એમ કહી દેખાડો અને તે પાંચ પગ તે શું ? તો નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન એ જે પાંચ પગ રોપ્યા છે તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો તે કોઈથી ઊપડ્યો નહિ, તેમ પગ રોપ્યા છે તે કોઈથી ખોટા નહિ થાય.

**સિદ્ધાંતઃ** રાવણની સભા મહાવીરોથી ભરેલી હોવા છતાં અંગદે મૂકેલો પગ કોઈથી ઉપડ્યો નહિ. તેમ મહારાજે જીવનું રૂડું કરવા માટે પંચવર્તમાન આપ્યા છે. તે કોઈ એમ જાણે જે આ પંચવર્તમાન રૂપી પગ લોપીને પણ અમારા જીવનું રૂડું થશે. તો મહારાજ ના પાડે છે. ગમે તેવો જ્ઞાની, ધ્યાની, ભક્તિવાળો, ધર્મવાળો હોય તો પણ તેણે આ પંચવર્તમાન તો પાળવા જ પડે.

૨. **કઠિયારો અને બાવના ચંદન. (૩/૩૦) દૃષ્ટાંત :** એક કઠિયારો હતો તે લાકડાંના ભારા લાવીને વેચતો, પછી એક દિવસ હેમગોપાળની ઝાડીમાંથી બાવના ચંદનનું લાકડું આવી ગયું. તેને ખબર વિના ચૂલામાં સળગાવ્યું ને તેની સુગંધ કોઈક શાહુકારને આવી. પછી તે શાહુકારે પૂછ્યું જે, આ ગામમાં બાવના ચંદન બાળે એવો ધનાઢ્ય કોણ છે ? પછી સર્વેએ કહ્યું જે, આ ગામમાં તો કઠિયારો રહે છે. પછી શાહુકારે ત્યાં જઈને બાળતાં થોડુંક રહ્યું હતું તે લાવીને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું. એણે જ્યારે દેહ મૂક્યો ત્યારે વિષ્ણુના લોકમાં ગયો. એ તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે ને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્યદેહ છે. તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ ને દેહ તેને વિષે બાળી દે છે, તેમ આપણે બાળવું નહિ.

**સિદ્ધાંતઃ** સમજણ વિનાના કઠિયારાએ ચંદનનું કિંમતી લાકડું ચૂલામાં બાળી નાખતો હતો. એ જ અધુરું બળેલું લાકડું શાહુકારે લઈને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું તો તે વિષ્ણુ લોકમાં ગયો. આ દૃષ્ટાંતનો સિધ્ધાંત એ જ કે આપણે પણ અણસમજણે કરીને આ દેહરૂપી ચંદનને સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ ને દેહની પાછળ બાળી નાખીએ છીએ, પણ આ દેહે કરીને જે અવિનાશી ફળ લેવાનું છે. તેના માટે કાંઈ કરતાં નથી. કઠિયારો જેમ ચંદનના સાચા ઉપયોગને જાણતો નથી. તેમ આપણે પણ દેહના સાચા ઉપયોગને જાણતા નથી. જે જાણે છે તે અક્ષરધામના અવિનાશી સુખને માટે પ્રયત્ન કરે છે. (ધ્યેય) મોક્ષ, મુક્તિ, આત્યંતિક કલ્યાણ સાધવા માટે મનુષ્યદેહનો ઉપયોગ.

૩. **શેરડીના ગાંદળાનું દૃષ્ટાંત. (૩/૨૭) દૃષ્ટાંત :** જેમ શેરડીનો સાંઠો હોય, તેનું થડિયું તે કઠણ હોય ને પીછું હોય તે મોળું હોય ને વચલી ગાંદળી હોય તે મીઠી હોય, તેમ તમારે પ્રભુ ભજવામાં આજ સાનુકૂળ છે, કેમ જે, મોટા સંતનો જોગ છે ને મોરે તો મારતા ને ખાવા મળતું નહિ ને આજ સર્વે અંગે સાનુકૂળ છે તે પ્રભુ ભજી લેવા પણ આળસું થવું નહિ.

**સિદ્ધાંત :** મહારાજના સમયમાં જે ભેખધારી બાવા-વૈરાગીઓનો ત્રાસ સંતો હરિભક્તોને હતો. તે સ્વામીના વખતમાં ન હતો. ભગવાન ભજવાનું સાનુકુળ હતું. વળી મોટા સંતનો જોગ પણ છે. જે આપણે મહારાજની પ્રાપ્તિ કરાવે તેવા છે. માટે આપણે આળસ રાખી તેમની આજ્ઞાનુસાર ન રહીએ તો આપણે મોટી ખોટ છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ પ્રમાણના અને ૨ ગુણ સમજૂતિના આપવા. (૨) પરીક્ષાર્થીએ અન્ય પ્રમાણ લખેલ હોય તો તે અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વાત પ્રમાણે છે કે નહિ તેની ચકાસણી કરી તે પ્રમાણે હોય તો તેના ગુણ મૂકી જવાબ પાસે અને મુખ્ય પાના ઉપર તેની નોંધ મૂકવી.**

૧. યોગીજી મહારાજ કહેતા : '૨૫ હજારનો નફો જતો કરીને પણ રવિસભામાં જવું (કથાવાર્તા સાંભળવી).' (૩/૨૨)

**પ્રમાણ :** સ્વામીએ શિવલાલને કહ્યું એ તો ઠીક પણ સોનું લેવાનો સંકલ્પ થયો પણ કોઈ દિ' સો કરોડ મણ ઢૂંસા લઈને કમાણી કરીએ, એવો સંકલ્પ થાય છે ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસા જ છે, પણ કાંઈ માલ જણાતો નથી. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી ?

**સમજૂતિ :** અહીં સ્વામી આપણને કથાવાર્તાનો મહિમા સમજાવે છે. જીવને રૂપિયાનો અને સોનાનો મહિમા બહુ હોય છે. તેથી સ્વામી તે રીતે આપણને સમજાવે છે. આવા સાધુનાં દર્શન અને વાતો મૂકીને બીજી જે કોઈ કમાણી કરીએ તે ઢૂંસા અને રાખનાં પડીકાં જેવી છે.

૨. પરમહંસો ૧૧૪ પ્રકરણોમાં પાછા ન પડ્યા પણ શ્રીજીમહારાજને છડેચોક સર્વોપરી કહેવામાં પાછા પડ્યા.' (૩/૧૨)

**પ્રમાણ :** આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું.

**સમજૂતિ :** મહારાજના સમયમાં સત્સંગી જીવન ગ્રંથ લખાતો હતો. ત્યારે સંતોએ મહારાજના ચરિત્રો જોયેલાં હોવા છતાં મહારાજને સર્વોપરી લખવામાં આડા થયા. નિત્યાનંદ સ્વામી એક જ એવા સંત નીકળ્યા કે મહારાજે સ્વંય તેમના વિરોધ મત આપ્યો. તેમને વિમુખ ઠરાવ્યા તો પણ મહારાજને સર્વોપરી છે તેવી પોતાની સમજણ ન છોડી. સ્વામી પણ અહીં એ જ કહે છે.

૩. દેહાભિમાની મછિયાવના ફૈબા ઉપર મહારાજની દૃષ્ટિ ન રહી. (૩/૨૫)

**પ્રમાણ :** દેહાભિમાની માથે દૃષ્ટિ થાતી નથી. ને તે વિના કાંઈ દૃષ્ટિ જેવું જણાય છે તે અંતે નહિ જ રહે, એમાં કાંઈ સંશય નથી.

**સમજૂતિ :** મહારાજ મછિયાવ ફૈબાને ઘેર બત્રીસ વખત ગયેલા. પણ ફૈબાને પોતાનું દેહાભિમાન આડે આવ્યું અને મહારાજની આજ્ઞા પાળી નહિ. તો બત્રીસ વખત મહારાજનો રાજીપો મેળવેલો તે પાણીમાં ગયો. તેમને તો નુકશાન થયું પણ તેમના નામ સાથે સંકળાયેલા ગામને પણ નુકશાન થયું. મહારાજે ગામનું પાણી હરામ કર્યું તો આજપર્યંત કોઈ સંત કે હરિભક્ત મછિયાવ જતા નથી. યોગીજી મહારાજને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે બાપા આપ મછિયાવ ગયા છો ? ત્યારે બાપાએ કહ્યું : 'કઈ દિશામાં આવ્યું છે તે પણ અમને ખબર નથી.'

૪. શ્રીજીમહારાજે લોયા ૧૭માં કહ્યું છે 'જેને ભગવાન અને સંતનું મહાત્મ્ય સમજાણું છે. તેનો પાયો સત્સંગમાં અચળ છે.

**પ્રમાણ :** સત્સંગ કોણ જાળવે ? તો જેને મહારાજને વિષે ને આ મોટા સંતને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત પ્રીતિ હોય તે જ જાળવે પણ બીજાથી તો જળવાય નહિ. (૩/૨૬)

**સમજૂતિ :** દાદાખાચર, ઝમકુબા, મોટાં રામબાઈ, પર્વતભાઈ, ગોરધનભાઈ, આશાભાઈ, વગેરે હરિભક્તોને ગમે તેવા દુઃખ આવ્યા તો પણ તેમણે મહારાજ અને સંતને મૂક્યા નહિ. મહારાજનો અને સંતનો મહિમા તેઓ જેવો છે તેવો સમજતાં હતાં. તેથી તેઓ સત્સંગ જાળવી શક્યા.

❑ ❑ ❑